GURJURATI

# પેરીનેટલ ઑપ્ટિમાઇઝેશન પાસપોર્ટ

British Association of Perinatal Medicine

**સારસંભાળનું આ પૅકેજ સમય કરતાં વહેલાં જન્મતા બાળકોને જન્મ સમયે શ્રેષ્ઠ તકો આપવા અને તેમના મગજને સુરક્ષિત રાખવા માટે આપવામાં આવશે. દરેક બાળક વિશિષ્ટ હોય છે અને આ દુનિયામાં તેમનું આગમન પણ વિશિષ્ટ હોય છે. આ સૂચિમાંની કેટલીક વસ્તુઓ કદાચ શક્ય ન હોઈ શકે. તે વિશે વધુ જાણકારી માટે કૃપા કરીને તમારી દાયણ અથવા ડૉક્ટર સાથે વાત કરો.**

## જન્મનું સ્થળ

Place of Birth

*(વહેલાં અથવા કદમાં નાના જન્મતા બાળકોને અમુક વાર વિશેષ એકમમાં જન્મ લેવાની જરૂર પડે છે. જો આ તમારો કિસ્સો હોય, તો તમારા ડૉક્ટર સાથે વાત કરો)*

જો મારા બાળક(કો)ને વહેલો જન્મ લેવાની સ્થિતિ સર્જાય, તો મોટાભાગે હું હોસ્પિટલમાં

હું જાણું છું કે મારે કદાચ અન્ય હોસ્પિટલમાં જવું પડે અને જો આ શક્ય ન હોય, તો પછી જન્મ પછી મારા બાળક(કો)ને અન્ય હોસ્પિટલમાં ખસેડવાની જરૂર પડી શકે છે.

| શક્ય નથી | પ્રક્રિયામાં | પૂર્ણ |
|---|---|---|
| ○ | ○ | ○ |
| Not Possible | In Progress | Complete |

## પ્રસૂતિ પૂર્વેના સ્ટેરોઇડ્સ

Antenatal Steroids

*(34 અઠવાડિયા પહેલાં જન્મેલા બધા બાળકો માટે)*

મારા બાળક(કો)ને વહેલાં જન્મ માટે તૈયાર કરવામાં સહાય કરવા માટે મને સ્ટેરોઇડ્સનો સંપૂર્ણ કોર્સ કરાવવામાં આવ્યો છે.

| શક્ય નથી | પ્રક્રિયામાં | પૂર્ણ |
|---|---|---|
| ○ | ○ | ○ |
| Not Possible | In Progress | Complete |

## પ્રસૂતિ પૂર્વે મેગ્નેશિયમ સલ્ફેટ

Antenatal Magnesium Sulphate

*(30 અઠવાડિયા પહેલાં જન્મેલા બધા બાળકો માટે)*

PReCePT $MgSO_4$

મારા બાળક(કો)ના મગજને સુરક્ષિત રાખવા માટે મને મેગ્નેશિયમ સલ્ફેટ આપવામાં આવ્યું છે.

| શક્ય નથી | પ્રક્રિયામાં | પૂર્ણ |
|---|---|---|
| ○ | ○ | ○ |
| Not Possible | In Progress | Complete |

## વહેલું સ્તનનું દૂધ

Early Breast Milk

*(34 અઠવાડિયા પહેલાં જન્મેલા બધા બાળકો માટે)*

મને વહેલાં સ્તનના દૂધના ફાયદાઓ વિશે માહિતી આપવામાં આવી છે અને મારા બાળક(કો) માટે જન્મના એક કલાક પહેલાં અથવા તેની અંદર આ દૂધ કેવી રીતે બનાવવું તે બતાવવામાં આવ્યું છે.

| શક્ય નથી | પ્રક્રિયામાં | પૂર્ણ |
|---|---|---|
| ○ | ○ | ○ |
| Not Possible | In Progress | Complete |

**www.bapm.org/pop** **www.weahsn.net/periprem**

આ સંસાધનમાં PERIPremની સાદર પરવાનગી સાથે ફેરફાર કરવામાં આવ્યો છે.

Accredited translations funded by Health Innovation Network South London, but BAPM cannot verify the translated version.

GURJURATI

# પેરીનેટલ ઑપ્ટિમાઇઝેશન પાસપોર્ટ

British Association of Perinatal Medicine

## એન્ટિબાયોટિક્સ
Antibiotics

*(34 અઠવાડિયા પહેલાં જન્મેલા બધા બાળકો માટે, જ્યારે માતા પ્રસૂતિ પીડામાં હતા)*

મારા બાળક(કો)માં ગ્રૂપ બી સ્ટ્રેપ નામક સંક્રમણ થવાની શક્યતાઓ ઘટાડવા માટે મને એન્ટિબાયોટિક્સ આપવામાં આવ્યા છે.

| શક્ય નથી | પ્રક્રિયામાં | પૂર્ણ |
|---|---|---|
| ○ | ○ | ○ |
| Not Possible | In Progress | Complete |

## ગર્ભનાળનું સંચાલન
Optimal Cord Management

*(બધા બાળકો માટે)*

મારું(મારા) બાળક(કો) જન્મે તે પછી સુરક્ષિત રીતે જન્મ લઈ લે અને પ્લેસેન્ટમાંથી અતિરિક્ત લોહી મેળવે તે માટે ગર્ભનાળ પર ચિપીયો લગાવતા પહેલાં ટીમ ઓછામાં ઓછી એક મિનિટ રાહ જોશે.

| શક્ય નથી | પૂર્ણ |
|---|---|
| ○ | ○ |
| Not Possible | Complete |

## થર્મલ કેર
Thermal Care

*(34 અઠવાડિયા પહેલાં જન્મેલા બધા બાળકો માટે)*

મારું(મારા) બાળક(કો) જન્મે પછી, ટીમ તેમના તાપમાનને સામાન્ય રાખવાનો પ્રયાસ કરશે અને જેવું સલામત જણાય બાળકને મારી ત્વચા સ્પર્શે તે રીતે પકડી રાખવામાં અમારી સહાય કરશે.

| શક્ય નથી | પૂર્ણ |
|---|---|
| ○ | ○ |
| Not Possible | Complete |

## શ્વસનનું સંચાલન
Respiratory Management

*(34 અઠવાડિયા પહેલાં જન્મેલા બાળકો માટે, જેમને આની જરૂર પડી શકે છે)*

જો મારા બાળક(કો)ને શ્વાસ લેવા માટે નળીની મદદની જરૂર પડે, તો નવજાત બાળકો માટેની ટીમ વિશેષ વેન્ટિલેટર સેટિંગનો ઉપયોગ કરીને તેમના ફેફસાંને સુરક્ષિત રાખશે.

| લાગુ પડતું નથી | શક્ય નથી | પૂર્ણ |
|---|---|---|
| ○ | ○ | ○ |
| Not Possible | In Progress | Complete |

## કેફીન
Caffeine

*(30 અઠવાડિયા પહેલાં જન્મેલા બાળકો અને 34 અઠવાડિયા પહેલાં જન્મેલા અથવા 1500 ગ્રામ કરતાં ઓછું વજન ધરાવતા કેટલાંક બાળકો માટે)*

મારા બાળક(કો)ને તેમના મગજને સુરક્ષિત રાખવા અને શ્વાસ લેવામાં સહાય કરવા માટે કેફીન આપવામાં આવ્યું છે.

| શક્ય નથી | પૂર્ણ |
|---|---|
| ○ | ○ |
| Not Possible | Complete |

**એ બહુ સારી રીતે જાણવું જોઈએ કે પરિસ્થિતિઓ અલગ હોઈ શકતી હતી.**
**જો તમને આમાં સંઘર્ષ કરવો પડી રહ્યો હોય, તો કૃપા કરીને તમારી દાયણ અથવા ડૉક્ટર સાથે વાત કરો.**
**તમે એકલા નથી.**

www.bapm.org/pop www.weahsn.net/periprem

આ સંસાધનમાં PERIPremની સાદર પરવાનગી સાથે ફેરફાર કરવામાં આવ્યો છે.

Accredited translations funded by Health Innovation Network South London, but BAPM cannot verify the translated version.